## લીડ્સમાં સંભાળ રાખવી

# સંભાળકર્તાઓ માટે મૂલ્યાંકનો

### *શું તમે ઘરમાં કોઈ મિત્ર, સંબંધી કે પાડોશીની સંભાળ રાખવામાં મદદ કરો છો ?*

### *તમે જેની સંભાળ રાખો છો તે વ્યક્તિને આધાર આપવામાં તમને મદદ થાય તે માટે તમને શેની જરૂર છે તેનું મૂલ્યાંકન તમે મેળવી શકો છો*

**www.leeds.gov.uk/caringinleeds**

## લીડ્સમાં સંભાળ રાખવી

જો તમે કોઈ વ્યક્તિને તેના ઘરમાં ગણનાપાત્ર અને નિયમિત સંભાળ પૂરી પાડતા હો, તો તમે પોતાની જરૂરિયાતોનું મૂલ્યાંકન કરાવવાના હકદાર છો જેથી તમારા દ્વારા આપવામાં આવતો આધાર પૂરો પાડવામાં તમને મદદરૂપ થાય તેવી સેવાઓ તમે મેળવી શકો. તમે જેની સંભાળ રાખો છો તે વ્યક્તિને પોતે સેવાઓ જોઈતી ન હોય કે તેની જરૂર ન હોય તો પણ કાયદા દ્વારા તમે મૂલ્યાંકનના હકદાર છો.

### મૂલ્યાંકન એટલે શું ?
તે સ્વાસ્થ્ય અથવા સામાજિક સંભાળ સંસ્થાઓના વ્યાવસાયિક કાર્યકરો દ્વારા તમારી સંભાળ પરિસ્થિતિ શું છે તે અંગે જાણવાની, અને તમારા દ્વારા તમારા સંબંધી, સાથી, મિત્ર અથવા પાડોશીને અપાતી મદદ અને આધાર અથવા વ્યક્તિગત સંભાળ ચાલુ રાખવામાં તમને શું મદદરૂપ બની શકે છે તે જાણવાની એક રીત છે.

### **મૂલ્યાંકન કરાવવાની તસ્દી કેમ લેવી જોઈએ ?**
મૂલ્યાંકન તમને ઘણી રીતે મદદરૂપ થઈ શકે છે, દાખલા તરીકે, તે તમને આ મેળવવામાં મદદ કરી શકે છે :

- તમે જેની સંભાળ રાખતા હો તે વ્યક્તિ ભવિષ્યમાં સેવાઓ મેળવવા વિશે કોઈ નિર્ણયો લઈ શકે તેમાં તમારા વિચારો ધ્યાને લેવાય તેની તક.
- બેનિફિટ્સ અને તમારા નાણાંનું સંચાલન કરવા બાબતે સલાહ.
- સંભાળ રાખવાનું કામ વહેંચીને મદદ કરવા માટેની સંભાળ સેવાઓ.
- સંભાળમાંથી તમને વિરામ આપવા માટેની સેવાઓ.
- તમને હોઈ શકે તેવી સ્વાસ્થ્યની તકલીફોમાં મદદ.
- તમે જેની સંભાળ રાખતા હો તે વ્યક્તિની સંભાળ રાખવી તમારા માટે શારીરિક રીતે સહેલું બનાવવા માટે તેમના ઘરમાં સાધનો કે અનુકૂલનો.
- તમારા જેવી જ સ્થિતિમાં હોય તેવા અન્ય સંભાળકર્તાઓ સાથે સંપર્ક.
- તમે મદદ કરી રહ્યા હો તે વ્યક્તિની સ્વાસ્થ્ય સ્થિતિ અને તેની સારવાર વિશે માહિતી મેળવવામાં મદદ.

## સંભાળકર્તાઓ માટે મૂલ્યાંકનો

- તમારી પરિસ્થિતિ વિશે વાત કરવા માટે કોઈ વ્યક્તિ.

- ભવિષ્યમાં તમને મદદની જરૂર પડે તો શું ઉપલબ્ધ થઈ શકે તેની માહિતી.
- તમારા માટે કામ કરવાનું ચાલુ રાખવું સહેલું બનાવવા માટે તમે જેની સંભાળ રાખતા હો તે વ્યક્તિ માટેની સેવાઓ.
- જો કટોકટીની પરિસ્થિતિના કારણે તમે તમારા સ્નેહીજનની સંભાળ રાખી ન શકો તો તેવી સ્થિતિમાં શું થશે તેનો વિચાર અને આયોજન કરવામાં મદદ.

## મૂલ્યાંકન કેવી રીતે મેળવવું

- તમે જેની સંભાળ રાખતા હો તે વ્યક્તિ જો કોઈ સેવાઓ મેળવતી ન હોય, પણ તમારે તમારી જરૂરિયાતોનું મૂલ્યાંકન કરાવવું હોય તો, **ટેલિફોન કેન્દ્ર ☏ 0113 222 4401** (પુખ્તોના સંભાળકર્તા) **☏ 0113 222 4403** (બાળકોના સંભાળકર્તા) દ્વારા લીડ્સ સામાજિક સંભાળ (લીડ્સ સોશ્યિલ કૅર)ને કૉલ કરો અને સંભાળકર્તા મૂલ્યાંકનની માંગ કરો. તમે જે વ્યક્તિ સાથે વાત કરશો તે તમારી વિગતો યોગ્ય ટીમને આપશે. અથવા આ પત્રિકાના પછીના પાના પરની કુપનનો ઉપયોગ કરો.
- તમે જેની સંભાળ રાખતા હો તે વ્યક્તિ જો પુખ્ત સામાજિક સંભાળ અથવા માનસિક સ્વાસ્થ્ય સુવિધામાં પહેલેથી જ જતી હોય તો તેઓ પાસે પોતાની સંભાળ યોજના હશે જે સમીક્ષાને પાત્ર હોઈ શકે છે જે કિસ્સામાં તમે એ તબક્કે સંભાળકર્તા મૂલ્યાંકનની માંગ કરી શકો છો. પણ તમારે રાહ જોવી પડતી નથી - તમે અત્યારે જ ટેલિફોન કેન્દ્રને ફોન કરીને અથવા સંભાળકર્તાના વિકાસ કાર્યકરનો સંપર્ક કરીને માંગ કરી શકો છો.
- તમે જેની સંભાળ રાખતા હો તે વ્યક્તિ જો નિષ્ણાત માનસિક સ્વાસ્થ્ય સેવા મેળવતી હોય તો તેઓના 'કૅર પ્રોગ્રામ ઍપ્રોચ' કોર્ડિનેટર હશે. તે નર્સ અથવા સામાજિક કાર્યકર હોઈ શકે છે. CPA કોર્ડિનેટર કાં તો પોતે તમારા માટે સંભાળકર્તા મૂલ્યાંકન કરશે અથવા તો તે કરાવવાની વ્યવસ્થા કરશે.
- તમે જે વ્યક્તિની સંભાળ રાખતા હો તેનું મૂલ્યાંકન જો પુખ્ત સામાજિક સંભાળ કરે તો તમને પૂછવામાં આવશે કે તમારે સંભાળકર્તા મૂલ્યાંકન કરાવવું છે કે કેમ. તમે જેની સંભાળ રાખતા હો તે વ્યક્તિની હાજરીમાં અથવા એકલા તમે તમારું મૂલ્યાંકન કરાવી શકો છો.

જ્યારે તમને સંભાળકર્તા મૂલ્યાંકનનો પ્રસ્તાવ આપવામાં આવે તે વખતે જો તમારે તેનો વિચાર કરવો ન હોય તો તમે પછીથી મૂલ્યાંકનની વિનંતી કરી શકો છો જે વખતે તમને લાગે કે તમારા માટે મૂલ્યાંકન કરાવવાનો યોગ્ય સમય છે.

## કામ, શિક્ષણ અને નવરાશ

- સંભાળકર્તા મૂલ્યાંકન તમારી સંભાળની ભૂમિકા સાથે કામ અથવા તાલીમને વણી લેવાની તમારી ઇચ્છાને, અને તમારી નવરાશની તકોની જરૂરિયાતોને ધ્યાને લેશે.

## મૂલ્યાંકન પછી શું થશે ?

કંઈપણ થશે નહીં જ્યાં સુધી તમે ન ઇચ્છો કે કંઈ થાય.

- સામાજિક કાર્યકર અથવા સંભાળકર્તાના કાર્યકર સાથે વાત કરવાના પરિણામે જો કોઈ મુદ્દાઓ કે સમસ્યા હોય જેને તમે ઓળખો તો, કોના દ્વારા શું થવું જોઈએ તે દર્શાવવા માટે એક યોજના ઘડવામાં આવશે. તેમાંનું બધું સ્વાસ્થ્ય અથવા પુખ્ત સામાજિક સંભાળ દ્વારા ન કરવામાં આવે તેમ બની શકે છે. તમારી પાસે યોજનાની એક નકલ હશે.
- તમારા માટે સંભાળ લેવાનું ચાલુ રાખવું સહેલું બનાવવામાં મદદરૂપ થાય તેવી સેવાઓ, માહિતી, સાધન અથવા સુવિધાઓ હોઈ શકે છે અને પુખ્ત સામાજિક સંભાળ તમારા માટે તે મેળવવાનો પ્રયત્ન કરશે. તેઓ કાં તો સેવા પૂરી પાડશે, બીજી સંસ્થા દ્વારા તે પૂરી પાડવાની વ્યવસ્થા કરશે, અથવા તો તે સેવા તમને જાતે ખરીદવા માટે નાણાં આપશે (સીધી ચુકવણીઓ). તમારા સામાજિક કાર્યકર અથવા સંભાળકર્તાના વિકાસ કાર્યકર તમારા માટે તે નક્કી કરશે.
- યુવાન સંભાળકર્તાઓની સ્થિતિ ખાસ કરીને અઘરી હોય છે અને તેમને આધાર આપવા માટે તેમજ યુવાનો તરીકે તેમની ક્ષમતા સુધી પહોંચવામાં તેમને મદદ કરવા માટે વિશેષ સેવાઓ છે.

વધુ માહિતી માટે સંપર્ક કરો **ધી વિલોસ પ્રોજેક્ટ ☏ 0113 240 8368.**

### સીધી ચુકવણીઓ
તમે મૂલ્યાંકન કરાવી લો ત્યારબાદ પુખ્ત સામાજિક સંભાળ તમને જરૂર હોય તે સેવાઓ ખરીદવા માટે નાણાં આપી શકશે.

### ડેટા રક્ષણ અને માહિતીની ગુપ્તતા
અમે 1998ના ડેટા રક્ષણ અધિનિયમ (ડેટા પ્રોટેક્શન ઍક્ટ)ના સિદ્ધાંતો હેઠળ માહિતી ભેગી કરીએ છીએ અને કોમ્પ્યુટર પર તમારી માહિતી ગુપ્ત રીતે સંઘરીએ છીએ. જો અમને તમારી માહિતી અન્ય લોકોને આપવાની જરૂર પડે તો તે એ હેતુસર હશે કે તમને અપાતો આધાર અસરકારક હોય. તે બીજા કોઈ કારણસર આપવામાં આવશે નહીં. અમે સંઘરેલી તમારી માહિતી કોઈપણ તબક્કે જોવાનો તમને અધિકાર છે, અને અમે માત્ર તમારી પરવાનગીથી જ માહિતી આપીશું.

## સંભાળકર્તા મૂલ્યાંકનની જવાબી ચબરખી

કૃપા કરી તમારી વિગતો નીચે દાખલ કરો અને આ સરનામે પરત મોકલો :

**Bridget Maguire, Leeds Adult Social Care, Merrion House, 110 Merrion Centre, Leeds LS2 8QB**

હું અસમર્થતા અથવા સ્વસ્થ્યસંભાળને લગતી જરૂરિયાતો ધરાવતી કોઈ વ્યક્તિની સંભાળ રાખવામાં મદદ કરું છું. તેમનું નામ છે :
………………………………………………………………………………………………

જન્મ તારીખ……………………………………

મારે સંભાળકર્તા મૂલ્યાંકન કરાવું છે.

મારું નામ છે …………………………………………………………

સરનામું …………………………………………………………

……………………………………………………. પોસ્ટકોડ ………………………………

ટેલિ ……………………………………………. જન્મ તારીખ ………………………………

ઈમેલ ………………………………………………………………………………

## લીડ્સમાં સંભાળ રાખવી

### સંભાળકર્તાઓ માટે ઉપયોગી સંપર્કો
- **સામાજિક સંભાળ ☏ 0113 222 4401 (પુખ્તો) 0113 222 4403 (બાળકો)**
- **કૅરર્સ લીડ્સ ☏ 0113 246 8338** – આધાર અને સલાહ માટે

**www.carersleeds.org.uk**

- **આલ્ઝાઇમર્સ ☏ 0113 231 1727   www.alzheimers.org.uk**
- **કૅરર્સ  UK** - સલાહ માટે **www.carersonline.org.uk**
- **• રાષ્ટ્રીય હેલ્પલાઇન ☏ 0808 808 7777**
- **NHS ડાયરેક્ટ ☏ 0845 4647** - તબીબી સલાહ માટે
- **કટોકટીની ફરજને લગતી સામાજિક સંભાળ સેવાઓ [ઈમર્જન્સી ડયુટી સોશ્યિલ કૅર સર્વિસીસ]** (*કામકાજના સમય પછીનો ટેલિફોન નંબર*) ☏ **0113 240 9536**

**આ શ્રેણીમાં 2 અન્ય પત્રિકાઓ છે :**

**સંભાળકર્તાઓ માટે સેવાઓની ત્વરિત માર્ગદર્શિકા**
**વિરામ મેળવવો**

આ પત્રિકાઓ મોટા અક્ષરોમાં, બ્રેઇલમાં અને ઑડિયો ટેપ પર તેમજ નીચેની ભાષાઓમાં ઉપલબ્ધ છે :
*બંગાળી, કૅન્ટોનીઝ, પંજાબી અને ઉર્દૂ.*

લીડ્સમાં સંભાળકર્તાઓ માટેની સેવાઓ વિશે એક નિર્દેશિકા પણ ઉપલબ્ધ છે : *'સંભાળકર્તાઓ માટે પસંદગીઓ (ચૉઇસીસ ફૉર કૅરર્સ)'*

ઉપરની કોઈપણ પત્રિકા કે નિર્દેશિકાની નકલો મેળવવા માટે, કૃપા કરી ☏ **0113 227 8629**  પર ટેલિફોન કરો

લીડ્સ સિટી કાઉન્સિલ દ્વારા પ્રકાશિત ઑક્ટોબર 2009